# "એ. જી. ટીચર્સ કોલેજ ગ્રંથાલયમાં શ્રેષ્ઠ પ્રણાલીઓનું અમલીકરણ"

**અશ્વિન એન. ભાવસાર**

*પ્રોફેશનલ આસિસ્ટન્ટ,*

*ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરી,*

*ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.*

## <u>પ્રસ્તાવના</u>

*માહિતી અને પ્રત્યાયન ટેકનોલોજીએ વિશ્વના દરેક ક્ષેત્રે ક્રાંતિ સર્જી છે. આ ક્ષેત્રો પૈકી રાષ્ટ્રના વિકાસનું મહત્ત્વનું ઘટક શિક્ષણક્ષેત્ર પણ આ અસરોથી અલિપ્ત નથી. શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ સર્જી છે. તેમાં ઓનલાઈન શિક્ષણ, દુરવર્તી શિક્ષણ જેવી શ્રેષ્ઠ પ્રણાલીઓ અમલમાં મૂકી છે. દેશના નાગરિકોને સાક્ષર બનાવવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ શ્રેષ્ઠ પ્રણાલીઓ અમલમાં મુકવામાં આવેલ છે. જેમ કે ધોરણ ૯ થી ૧૨ માં ઓપન સ્કુલનો ખ્યાલ, પ્રાથમિક શિક્ષણથી માંડ ઉચ્ચ શિક્ષણ સુધી ગ્રેડ સિસ્ટમ, સેમેસ્ટર સિસ્ટમ જેવી વિવિધ પ્રણાલીઓ અમલમાં મુકી ઉચ્ચ ગુણવત્તાલક્ષી પરિણામ પ્રાપ્ત કરી શકાય છે.*

*શિક્ષણની જીવાદોરી સમાન ગ્રંથાલયો દ્વારા પણ શિક્ષણક્ષેત્રે અને તેના ઉપયોગકર્તાઓમાં આવેલા પરિવર્તનોને કેન્દ્રમાં રાખીને વિવિધ શ્રેષ્ઠ પ્રણાલીઓ દ્વારા ગ્રંથાલયોના મર્યાદિત માહિતી સ્ત્રોતોનો વધુમાં વધુ ઉપયોગ થાય તેવા પ્રયાસો કરવાનું આયોજન થવું જોઈએ. પ્રસ્તુત પેપરમાં એ.જી.ટીચર્સ કોલેજના ગ્રંથાલય દ્વારા તેની વિવિધ માહિતી સેવાઓના સંદર્ભમાં કયાં પ્રકારની શ્રેષ્ઠ પ્રણાલીઓ આયોજીત કરી અમલમાં મુકવામાં આવેલ છે. તે સંદર્ભિત માહિતી આપવામાં આવેલ છે.*

## <u>શ્રેષ્ઠ પ્રણાલી : વ્યાખ્યા</u>

*"શ્રેષ્ઠ પ્રણાલી એટલે કોઈપણ કાર્ય પુરું કરવા માટેની એવી પદ્ધતિ કે જે સંદર્ભિત મર્યાદિત પ્રયાસો અને સંશોધન દ્વારા શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આવી પ્રણાલી કોઈપણ કાર્યક્ષેત્ર અંતર્ગત સમયાંતરે વધુને વધુ ઉપયોગકર્તા સાથે સંપર્કમાં આવતાં અનુભવ આધારિત પુનરાવર્તન પ્રક્રિયા દ્વારા પ્રમાણિત સિદ્ધ થાય છે."*

*"ઉત્તમ પ્રણાલી એવી પ્રસ્થાપિત પ્રણાલી છે કે જેમાં પ્રવર્તમાન કામગીરીને વધુને વધુ અસરકારક રીતે કરી શકવા સંદર્ભિત પગલાં લેવામાં મદદ મળી રહે છે."*

*આમ, ઉપરોક્ત વ્યાખ્યા ને આધારે એમ માની શકાય કે જેમાં સમય અનુસાર થતાં દૈનિક કાર્યમાં અનુભવ આધારિત કાર્યને વધુ અસરકારક રીતે મર્યાદિત સંસાધનો વચ્ચે પણ યોગ્ય ઉપયોગકર્તા સુધી કેવી રીતે પહોંચાડી શકાય.*


ISSN 2349-5634 (Print ) ISSN 2455-0973 (online) Vol.3 Issue 1 January 2017
Peer reviewed refereed International Journal Imp Fact 5.2
© IACRP

*<u>મહાવિદ્યાલય ગ્રંથાલય</u>*

*મહાવિદ્યાલયના શૈક્ષણિક કાર્યોને સુલભ કરવાના હેતુથી સ્થપાયેલ ગ્રંથાલયને મહાવિદ્યાલય ગ્રંથાલય કહેવાય છે. આ ગ્રંથાલય પોતાની સેવા દ્વારા મહાવિદ્યાલયમાં આપવામાં આવતાં નિયમિત અભ્યાસને સંપુર્ણ બનાવે છે. એટલે કે મહાવિદ્યાલય ગ્રંથાલય મહાવિદ્યાલયની સમગ્ર શૈક્ષણિક ગતિવિધિઓનું પ્રમુખ કેન્દ્ર હોય છે.*

*મહાવિદ્યાલય ગ્રંથાલયનું સંદર્ભ સેવા દ્વારા શૈક્ષણિક કાર્યોમાં મદદ કરવાં, તેમનાં વિકાસને વેગ આપવા, શૈક્ષણિક સ્તરને ઉંચું કરવા તથા માનવીય અભિગમ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી અને વધુ પુસ્તકો વાંચવા માટે પ્રેરણા આપવી.*

***<u>એ. જી. ટીચર્સ કોલેજ ગ્રંથાલય : પરિચય</u>*** (Centre for Teachers Education)

*અમદાવાદ જેવા મહાનગરમાં ઉચ્ચ સ્તરીય શિક્ષણ આપવામાં સુવિખ્યાત એવી સંસ્થા અમદાવાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત કે. જી. થી માંડી ઉચ્ચ શિક્ષણ સુધીનું શિક્ષણ આપતી સંસ્થા છે. જેનું વિશાળ જમીન ધરાવતું સંકુલ, માળખાકીય અને આધુનિક સવલતોથી સજ્જ શૈક્ષણિક ભવનો જેમાં એ. જી. ટીચર્સ કોલેજ, નવરંગપુરા વિસ્તારમાં આવેલ છે. આ કોલેજની સ્થાપના ૧૯૫૨ માં થઈ હતી જેમાં કોલેજની સાથે જ ગ્રંથાલયનું અસ્તિત્વ અમલમાં આવેલ છે. હાલમાં તેનો ગ્રંથસંગ્રહ ૨૮૮૦૦, જેમાં સંદર્ભગ્રંથો ૧૦૩૪૭, ટેક્સબુકો ૯૬૭, સામયિકો-૪૧, ઞ.દ., દ.ફ.દ. વગેરે અમુદ્રિત સામગ્રી ૫૨, નિયમિત વર્તમાનપત્રો-૪, આમ ઉપરોક્ત માહિતીસ્ત્રોતો દ્વારા સમૃદ્ધ ગ્રંથાલય કાર્યરત છે.*

*તાજેતરમાં ૨૦૧૬ની શરૂઆતમાં જ નેક એક્રેડીટેશન ગ્રેડ માટે એક કમીટી દ્વારા ઈન્સ્પેકશન થતાં કોલેજને 'છ' ગ્રેડ મળેલ છે. જે સમગ્ર ગુજરાતમાં પ્રથમ નંબરની બી.એડ. કોલેજનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે.*

***<u>એ. જી. ટીચર્સ કોલેજ ગ્રંથાલયમાં અમલમાં મુકવામાં આવેલ શ્રેષ્ઠ પ્રણાલીઓ</u>***

***ઉપભોક્તા અભિમુખતા કાર્યક્રમો :***

*એ. જી. ટીચર્સ કોલેજના નવા વિદ્યાર્થીઓને ગ્રંથાલયની વિવિધ માહિતી સેવાઓ અને માહિતી સ્ત્રોતોના સંગ્રહથી સુપરિચિત કરવા માટે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓને ગ્રંથાલયની મુલાકાત, વ્યાખ્યાન ગોઠવવામાં આવે છે.*

***સમય :****કોલેજના કામકાજના દિવસોમાં ગ્રંથાલયનો સમય સવારના ૮-૦૦ થી બપોરે ૧-૩૦ સુધી રાખવામાં આવેલ છે.*

***ગ્રંથસંગ્રહનું કોમ્પ્યુટરાઈઝેશન :***

*ગ્રંથાલયના ગ્રંથસંગ્રહને વધુ અસરકારક રીતે ઉપયોગ કરી શકાય તે માટે સંદર્ભત ગ્રંથોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.*

***વર્ગાંક દર્શાવતા પથદર્શકો, વિભાગીય પથદર્શકો દ્વારા :***

*ગ્રંથાલયના ઉપયોગકર્તા પોતાની જરૂરી માહિતી-ગ્રંથ સુધી સરળતાથી પહોંચી શકે તે માટે કબાટ ઉપર વિષયના નામ લખવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ગાંક દર્શાવતા પથદર્શકો ગ્રંથભંડાર તેમજ વિભાગમાં લગાવેલ છે.*


ISSN 2349-5634 (Print ) ISSN 2455-0973 (online) Vol.3 Issue 1 January 2017
Peer reviewed refereed International Journal Imp Fact 5.2
© IACRP

**સૂચના બોર્ડ દ્વારા :**

ગ્રંથાલયને લગતી માહિતી, રોજગારીને લગતા સમાચારો, વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિને લગતા સમાચારો, સ્પર્ધાત્મક પરીક્ષાને લગતાં સમાચારો, NET / SLET / GPSC / UPSC સરકારી નોકરીઓમાં ભરતી અંગેની માહિતી, શિક્ષકો, અને શિક્ષણ અંગે સંકળાયેલા વિદ્યાર્થીઓને લગતી માહિતી, પેપર કટીંગ સૂચના બોર્ડ દ્વારા પ્રદર્શિત કરવામાં આવે છે.

**ગ્રંથ પ્રદર્શન / નવ આંગતુક પુસ્તકો :**

ગ્રંથાલયમાં આવતાં નવા પુસ્તકો, સામયિકો, સંદર્ભગ્રંથો વગેરેનું સમયાંતરે કે વિશિષ્ઠ દિવસ દા.ત. ૨૩મી એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ' આવે ત્યારે ગ્રંથ પ્રદર્શન વિદ્યાર્થીઓ, શૈક્ષણિક કર્મચારીઓ, વહીવટી કર્મચારીઓ માટે ગોઠવવામાં આવે છે. તેમજ નવ આંગતુક પુસ્તકો માટે અલગ વિભાગ (New Arrival) રાખવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ ગ્રંથાલયમાં આવતાં નવા ગ્રંથો વિશે જાણકારી મેળવી શકે.

**સૂચના પેટી :**

ગ્રંથાલયમાં વાંચકોને સારી માળખાકીય સુવિધાઓ મળી રહે તે માટે પુરતાં પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત વાંચકોનું કોઈ વિશેષ સૂચન હોય તો તે માટે સૂચના પેટી મુકવામાં આવેલ છે. તેમાં આવેલા સૂચનો યોગ્ય જણાય તો તેનો ચોક્કસથી અમલ પણ કરવામાં આવે છે.

**જર્નલ / સામયિકના આર્ટિકલ :**

ગ્રંથાલયમાં આવતાં બધાંજ જર્નલ / સામયિક બધાંજ વિદ્યાર્થી કે અધ્યાપક વાંચતા હોતા નથી. તેથી અભ્યાસક્રમના સંદર્ભના જરૂરી આર્ટીકલની સૂચિ દર મહિને સેમિનાર પાનામાં તૈયાર કરી સૂચના બોર્ડ પર મુકાય છે. જેનાથી ઉપયોગી આર્ટીકલનો મહત્તમ ઉપયોગ થઈ શકે છે.

**ઈ-બુક્સ / ઈ-જર્નલ**

ઈલેક્ટ્રોનિક યુગમાં શિક્ષણ અદ્યતન બને તે માટે ગ્રંથાલય દ્વારા તેમને ઈન્ટરનેટ દ્વારા ઈ-બુક્સ, ઈ-જર્નલ અંગેની સમજ આપાવમાં આવે છે અને તેનો ઉપયોગ શીખવવામાં આવે છે.

આમ, ઉપરોક્ત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ગ્રંથાલયના ઉપભોક્તાઓને નીચે મુજબના લાભ પ્રાપ્ત થાય છે.

(૧) શિક્ષકની તાલીમ માટે આવતો વિદ્યાર્થી જ્ઞાન ભંડારથી જાણકાર થાય છે.

(૨) વિદ્યાર્થી વર્ષની શરૂઆતથી ગ્રંથાલયનો સાચો ઉપયોગ શીખે છે.

(૩) પુસ્તક પ્રદર્શન દ્વારા ગ્રંથાલયમાં રહેલ જ્ઞાનથી માહિતગાર થાય છે.

(૪) ગ્રંથાલયમાં આવતાં નવા પુસ્તકોને તેનો વાચક મળી રહે છે.

(૫) બધાંજ જર્નલ / સામયિક વિદ્યાર્થી ન વાંચતો હોય ત્યારે આવા આર્ટીકલ નોંધ દ્વારા જરૂરી માહિતી સમય બચાવી સરળતાથી મેળવી શકે છે.

(૬) ગ્રંથાલયમાં આવતાં વિદ્યાર્થીઓ વર્તમાનપત્રોને ધ્યાનપૂર્વક વાંચતા થાય છે અને ઉપયોગી સામગ્રી એકત્ર કરતાં શીખે છે. જે તેમને જીવનપર્યંત ઉપયોગી બની રહે છે.

(૭) ભગીની સંસ્થાઓમાં એક પારિવારિક ભાવના દ્વારા જ્ઞાનનો ઉપયોગ થાય છે.


© IACRP

(૮) *જે શાળાઓમાં ભાવિ શિક્ષકની તાલીમ મેળવે છે. તેવી શાળાના આચાર્ય, સ્ટાફમિત્રો, માટે કોલેજ ગ્રંથાલયના દ્વારા ખુલ્લા મુક્યા છે. જેથી અમારા ગ્રંથાલયનું જ્ઞાન છેવાડાની શાળા સુધી પહોંચાડીને જ્ઞાન બાળકો સુધી પહોંચાડી શકાય છે.*

*આમ, વિદ્યાર્થીઓમાં માનસિક, બૌદ્ધિક અને નૈતિક વિકાસ કરવાની જવાબદારી શિક્ષક જેટલી જ ગ્રંથપાલની પણ છે. ગ્રંથપાલ વૈશ્વિક દ્દષ્ટિબિંદુએ હકારાત્મક અભિગમ દ્વારા વિદ્યાર્થીઓને વધુને વધુ વાંચન અભિમુખ કરી શકાય.*

*સમાજની વર્ષો જુની માન્યતામાં બદલાવ લાવીએ ગ્રંથપાલનું કાર્ય ફક્ત પુસ્તક ઈશ્યુ-રીટર્ન પુરતું સિમીત છે. તેવી ઈમેજમાંથી સમાજને આપણા કાર્યો થકી બહાર લાવીએ. ગ્રંથાલય દ્વારા અનેક અત્યાધુનીક પ્રવૃત્તિઓનું / પ્રણાલીઓનું આયોજન કરી ગ્રંથાલયને સાચા અર્થમાં સંસ્થાનું હૃદય બનાવીએ. આપણાં સરસ્વતીનાં પૂજક તરીકેના મહત્ત્વપૂર્ણ કાર્યની મહેંક વિશ્વફલક સુધી પ્રસરાવીએ, તો જ ગ્રંથાલયનું ભાવિ ઉચ્ચ સ્થાને જળવાઈ રહેવાની સાથે તેની પ્રતિષ્ઠામાં ઉત્તરોત્તર વધારો કરી શકાશે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.*